નસવાડી ટાઉનમાં સ્ટેટ આર એન્ડ બી વિભાગની લાલીયાવાળી

## ખાડા પુરવાની કામગીરીમાં વેઠ ઉતારાતા લોકોમાં રોષ



(પ્રતિનિધિ) નસવાડી, તા.10

નસવાડી ટાઉન માં સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા ખાડા પુરવાની કામગીરી માં વેઠ ઉતારાતા લોકો માં રોષ ખાડા પુરતી વખતે માટી ની સફાઈ તેમજ જૂના ખાડા ને સરખો કરી ને પેચ વર્ક કરવાનો હોય છે. પરંતુ આવી કામગીરી કરવામાં ના આવી જેના કારણે ઠેર ઠેર ખાડા પૂરવામાં આવ્યા પરંતુ જૂનો રસ્તો અને ખાડા પૂરેલા રસ્તા ઊંચા નીચા થઈ ગયા.

છોટાઉદેપુર સ્ટેટ આર એન્ડ બી વિભાગ ના અધિકારીઓ નસવાડી ટાઉન માં કોન્ટ્રાકટર પાસે લોકો ની મહિનાઓની માંગણી પછી રોડ માં પડેલા ખાડા પુરાતા લોકો માં ખુશી છવાઈ હતી પરંતુ આ ખુશી કલાકો માટે હતી કારણ કે જે ખાડા પૂરવામાં આવ્યા તે ખાડાઓમાં નિયમ અનુસાર તેની સપાટી રોડ લેવલ કરીને સરખો ખાડો પૂરવાનો હોય છે પરંતુ જ્યાં ખાડો પડ્યો હતો ત્યાં માટી સફાઈ ના કરવામાં આવી તેમજ ખાડા માં ડામર નું મટીરિયલ નાખવામાં આવ્યું તે ખાડા માં રોલિંગ ના કરવામાં આવતા ખાડો ઊંચો નીચો રહી જતા હાલ વાહન ચાલકો મુશ્કેલી માં મુકાયા છે ફૂલ સ્પીડ ચાલતા વાહનો અચાનક જ આવા રસ્તા ઉપર કૂદકા મારવા લાગે છે તેનાથી વાહન ચાલકો પણ ગભરાઈ જાય છે હાલ તો છોટાઉદેપુર જિલ્લામાં સ્ટેટ આર એન્ડ બી વિભાગ ની કામગીરી નિમ્ન કક્ષાની છે કારણ કે કામગીરી કરાવતી નથી અધિકારીઓ હાજર રહેતા નથી તેનો આ વરવો નમૂનો છે.

## કવાંટ તાલુકાના ૭૧ ગામોમાં 'બાળ લગ્નનાબૂદીજાગૃતિરથ'ભ્રમણકરશે

**કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોને સામૂહિક રીતે બાળ લગ્ન ન કરવા અને અટકાવવા માટેના શપથ લેવડાવવામાં આવશે**



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.10

છોટાઉદેપુર જિલ્લામાં બાળ લગ્નના દૂષણને જળમૂળથી નાબૂદ કરવા અને ગ્રામીણ સ્તરે વ્યાપક જનજાગૃતિ લાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અને દિશા ડોન બોસ્કો, કવાંટના સંયુક્ત ઉપક્રમે 'બાળ લગ્ન નાબૂદી જાગૃતિ રથ'નું પ્રસ્થાન કરાવી અભિયાનનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ જાગૃતિ રથ આગામી દિવસોમાં કવાંટ તાલુકાના અંદાજે ૭૧ જેટલા ગામોમાં ભ્રમણ કરશે. આ ભ્રમણ દરમિયાન પ્રસાર અને ગ્રામીણ બેઠકો યોજીને 'બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન'નો સંદેશ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આવશે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગામડાઓમાં વસતા લોકોને બાળ લગ્નના ગેરફાયદા અને કાયદાકીય જોગવાઈઓથી માહિતગાર કરવાનો છે. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોને સામૂહિક રીતે બાળ લગ્ન ન કરવા અને અટકાવવા માટેના શપથ લેવડાવવામાં આવશે. તદુપરાંત, જો કોઈ વિસ્તારમાં બાળ લગ્ન થતા હોવાની જાણ થાય.

છોટાઉદેપુર-તેજગઢ નેશનલ હાઈવે પર વાહનચાલકો માટે ભમતુ મોત

## હાઈવે નં.56 પરનુ ગરનાળું જર્જરિત હોવાથી દુર્ઘટનાની ભીતિ

**વારંવાર રજૂઆત છતાં તંત્ર તરફથી કોઈ કામગીરી ન થતાં લોકોમાં ભારે નારાજગી**



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.10

છોટાઉદેપુર-તેજગઢ નેશનલ હાઈવે નંબર 56 પર આવેલ એક નાળું હાલ જોખમી બન્યું છે, જેના કારણે કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

છોટાઉદેપુરથી તેજગઢ તરફ જતા નેશનલ હાઈવે નંબર 56 પર લીમડી બજાર વિસ્તારમાં આવેલ નાળું અત્યંત જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યું છે. લગભગ ત્રણ મહિના અગાઉ નાળું તૂટી ગયું હોવા છતાં હજુ સુધી સંબંધિત તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. નાળાના નીચેના ભાગમાં સળિયા ખુલ્લા દેખાઈ રહ્યા છે, જ્યારે આજુબાજુનું કૉન્ક્રિટ પણ છૂટું પડી જતાં નાળાની હાલત અત્યંત જોખમી બની ગઈ છે. આ માર્ગ પર સતત ઓવરલોડ વાહનોની અવરજવર થતી હોવાથી નાળામાં ભારે વાઈબ્રેશન સર્જાય છે, જેના કારણે નાળું વધુ નબળું બની રહ્યું છે. વારંવાર રજૂઆત છતાં તંત્ર તરફથી કોઈ કામગીરી ન થતાં લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિક ગ્રામજનોએ તાત્કાલિક નાળાની તપાસ કરી જરૂરી સમારકામ કાર્ય હાથ ધરવાની માંગ કરી છે.

## પાદરા-કરજણ રોડ પર કાર-બાઈક અકસ્માતમાં યુવાનનું મોત

**પાદરા પોલીસ** દ્વારા અકસ્માત હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.10

પાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ફરિયાદ મુજબ ગત રોજ બપોરે પાદરા-કરજણ રોડ પર ગોરીયાદ ગામની સીમમાં જુના બળિયાદેવ મંદિર પાસે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. મળતી માહિતી અનુસાર લાલ રંગની આઈ-ટેન કાર નો અજાણ્યો ચાલક બેફામ ઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારી લાવી સામે પરથી આવી રહેલી સ્પ્લેન્ડર મોટરસાયકલ ને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક અલ્પેશસિંહ રણજીતસિંહ ચૌહાણ (ઉ.વ. 38) ને માથાના ભાગે તેમજ કપાળ ઉપર ગંભીર ઈજાઓ પહોંચી હતી, સાથે જ જમણા પગે ઘૂંટણ ઉપર ફ્રેક્ચર સહિત શરીરે અન્ય ઈજાઓ થતા તેમનું સ્થળ પર જ મોત થયું હતું. આ બનાવ અંગે મૃતકના પિતા રણજીતસિંહ કેશરિસિંહ ચૌહાણ, રહે. પીંગલવાડા, તા. કરજણ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. પાદરા પોલીસ દ્વારા અકસ્માત હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.ડી. ગઢવી દ્વારા અકસ્માતની તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપી કારચાલકની ઓળખ હજુ સુધી થઈ નથી અને તપાસ ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું છે. ઘટનાને પગલે વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

## નેશનલ ચેમ્પિયનશીપમાં પાંચ મેડલ મેળવી દિવ્યાંગ ખેલાડીઓએ છોટાઉદેપુરનું નામ રોશન કર્યું

**દિવ્યાંગ બાળકો** પણ દેશના વિકાસ અને રમતગમત ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપી શકે



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.10

છોટાઉદેપુર જિલ્લાના મનો દિવ્યાંગ ખેલાડીઓએ પોતાની મર્યાદાઓને માત આપી રાષ્ટ્રીય સ્તરે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. હરિયાણાના રોહતક ખાતે યોજાયેલ 'સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત નેશનલ ચેમ્પિયનશીપ એથ્લેટિક્સ' માં છોટાઉદેપુરના બે ખેલાડીઓએ કુલ ૫ મેડલ જીતીને સમગ્ર ગુજરાત રાજ્ય અને છોટાઉદેપુર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. સમગ્ર શિક્ષા સમાવેશી શિક્ષણ શાખા અને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી આ ખેલાડીઓ નેશનલ કક્ષા સુધી પહોંચ્યા હતા. જબુગામ ખાતે જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ હિંમતનગર ખાતે રાજ્ય કક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં પ્રથમ નંબર મેળવ્યા બાદ તેમની પસંદગી રાષ્ટ્રીય કક્ષા માટે કરવામાં આવી હતી. આ ભવ્ય સફળતા બદલ જિલ્લા શિક્ષણાધિકારી આનંદકુમાર પરમાર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જસવંતકુમાર પરમાર, જિલ્લા રમત ગમત અધિકારી વિક્રમભાઈ ભીલ અને મદદનીશ જિલ્લા I.E.D. કો-ઓર્ડિનેટર દિનેશભાઈ બામણીયાએ ખેલાડીઓને બિરદાવ્યા હતા.ખેલાડીઓને તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર શિક્ષક પ્રદીપભાઈ ડાભી, સુબોધભાઈ ડાયરા તેમજ સમગ્ર I.E.D. ટીમ અને સ્પેશિયલ એજ્યુકેટર્સને પણ અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## વડોદરામાં ૧૨મી ફેબ્રુઆરીએ રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાશે

વડોદરા : વડોદરા જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી અને એપ્રેન્ટિસશીપની ઉત્તમ તકો મળી રહે તે હેતુથી મદદનીશ રોજગાર નિયામકની કચેરી, વડોદરા દ્વારા આગામી તા. ૧૨/૦૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે એક વિશેષ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, પ્રથમ માળ, આઈ.ટી.સી. બિલ્ડીંગ, આઈ.ટી.આઈ. કેમ્પસ, તરસાલી, વડોદરા ખાતે યોજાશે. આ મેળામાં વિવિધ પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા ૧૩૦ જેટલી ટેકનિકલ અને નોન-ટેકનિકલ જગ્યાઓ માટે સીધી પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે ટીબી દર્દીઓને પૌષ્ટિક આહાર કીટનું વિતરણ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.10

ટીબી રોગની સારવાર લઈ રહેલા દર્દીઓને સરકાર દ્વારા મળતી વિનામૂલ્યે સારવાર સાથે વધારાનું પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલી નિક્ષય મિત્ર યોજના અંતર્ગત ટીબી દર્દીઓને સારવાર શરૂ થવાથી લઈને સારવાર પૂર્ણ થાય ત્યાં સુધી દત્તક લઈ પૌષ્ટિક આહાર કીટ આપવામાં આવે છે. આ યોજના દ્વારા દર્દીઓ યોગ્ય પૌષ્ટિક આહાર મેળવી ઝડપથી રોગમુક્ત બને તે મુખ્ય ઉદ્દેશ છે.

આ દેશવ્યાપી ઝુંબેશમાં જોડાઈ ચારભુજા સેવા ટ્રસ્ટ છોટાઉદેપુર દ્વારા જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ખાતે ટીબી દર્દીઓ માટે પૌષ્ટિક આહાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જિલ્લા ક્ષય અધિકારી ડો. બી. એમ. ચૌહાણના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

પૌષ્ટિક આહાર કીટ વિતરણ કાર્યક્રમમાં ચારભુજા સેવા ટ્રસ્ટ છોટાઉદેપુરના ટ્રસ્ટી સંજયભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. સાથે જિલ્લા ક્ષય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. કુલદીપ શર્મા, વાલસિંગભાઈ રાઠવા, મનહરભાઈ વણકર, પરેશભાઈ વૈદ્ય તેમજ ટીબીની સારવાર લઈ રહેલા લાભાર્થીઓ પણ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિતોએ નિક્ષય મિત્ર યોજનાની મહત્વતા સમજાવી અને વધુ સંસ્થાઓને આ માનવસેવી કાર્યમાં જોડાવા અપીલ કરી હતી.

## શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની ખાંડીવાવ ખાતેની શૈક્ષણિક મુલાકાત

**બાગાયત, કૃષિ** ટેક્નોલોજી તથા ભવિષ્યની ખેતી વિષે મહત્વપૂર્ણ માહિતી આપી



(પ્રતિનિધિ) બોડેલી, તા.10

ખાંડીવાવ (તા. જાંબુઘોડા) ખાતે આવેલ સેન્ટર ઓફ એક્ષેલન્સ ફોર હોર્ટિકલચર ખાંડીવાવની શૈક્ષણિક મુલાકાત શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લીધી. શાળાના વોકેશનલ કોર્ષ અંતર્ગત એગ્રીકલ્ચર વિષયના કુલ 60 વિદ્યાર્થીઓ તથા 2 વોકેશનલ શિક્ષકો સાથે તા. 10/02/2026 ના રોજ આ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કૃષિ ક્ષેત્રમાં ચાલતા સંશોધન, આધુનિક ખેતી પદ્ધતિઓ, પાક ઉત્પાદન, સંરક્ષણ તેમજ નવીન કૃષિ તકનીકો અંગે વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત કરાવવાનો હતો. રિસર્ચ સેન્ટર ખાતે વિદ્યાર્થીઓને આધુનિક કૃષિ સાધનો, નવી ખેતી પદ્ધતિઓ તથા ટેક્નોલોજી આધારિત ખેતી વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું, જે તેમના અભ્યાસ માટે અત્યંત ઉપયોગી સાબિત થયું. કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે એગ્રીકલ્ચર અધિકારી શ્રી કલ્પેશભાઈ પટેલ સાહેબે વિદ્યાર્થીઓને બાગાયત, કૃષિ ટેક્નોલોજી તથા ભવિષ્યની ખેતી વિષે મહત્વપૂર્ણ માહિતી આપી અને તેમને કૃષિ ક્ષેત્રમાં નવી તકો અંગે પ્રોત્સાહિત કર્યા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી, જેમાં એગ્રીકલ્ચર અધિકારી શ્રી કલ્પેશભાઈ પટેલ સાહેબ, શાળાના પ્રમુખશ્રી ભાવેશભાઈ શિરોલાવાલા, શાળાના આચાર્ય સુરેશકુમાર પટેલ, સુપરવાઈઝર મહેશકુમાર ગજ્જર તથા શિક્ષિકા કુમુદબેન રાઠવા ઉપસ્થિત રહ્યા હતા.

## કદવાલ તાલુકાની કલેકટર ગાર્ગી જૈને આકસ્મિક મુલાકાત લીધી



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.10

છોટાઉદેપુર જિલ્લાના નવરચિત તાલુકા કદવાલ ખાતે જિલ્લા કલેકટર ગાર્ગી જૈન દ્વારા આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. કલેકટરશ્રીએ તાલુકા સેવાસદન ખાતે આવેલી મામલતદાર કચેરી તેમજ સીએચસી ની મુલાકાત લઈ વિવિધ કામગીરીની વિગતવાર સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન કલેકટર ગાર્ગી જૈને સરકારી સેવાઓ સમયસર અને સુચારૂ રીતે નાગરિકોને ઉપલબ્ધ થાય તે બાબતે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારના બામરોલી ગામની સીમમાથી દારૂનો જથ્થો ઝડપાયો

**બોલેરો ગાડીમાં** લઈ જવાતો કિં. રૂ. ૩,૧૩,૪૦૭/- નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપાયો



(પ્રતિનિધિ) બોડેલી, તા.10

બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારના બામરોલી ગામની સીમમા ઓરસંગ નદીના કોતરમા પાયલોટીંગમાં વપરાયેલ સ્વીફ્ટ ગાડી તથા બોલેરો ગાડીમાં લઈ જવાતો કિં.રૂ.૩,૧૩,૪૦૭/- નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી કુલ કિ.રૂ ૧૪,૧૮,૪૦૭/- ના મુદ્દામાલને ઝડપી પાડતી લોકલ ક્રાઈમ બ્રાન્ચે છોટાઉદેપુર... એમ.એફ.ડામોર પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી છોટાઉદેપુર નાઓ એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસોને સુચના આપેલ જે અન્વયે એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓ બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એલ.સી.બી પો.ઈન્સ શ્રી નાઓએ ટેલીફોનથી સમજ કરેલ કે, બામરોલી ગામની સીમમા ઓરસંગ નદીના કોતરમા નંબર વગરની સ્વીફ્ટ ગાડીથી પાયલોટીંગ કરી બોલેરો ગાડી રજી.નંબર GJ-34-N-3687 નો ચાલક ભારતીય બનાવટનો વગર પરમીટે વિદેશી દારૂ ભરી આવે છે, જે બાતમી હકીકત આધારે બાતમી હકીકતમાં જણાવ્યા મુજબના વર્ણનવાળી બોલેરો ગાડી આવતા તેને કોર્ડન કરી ઉભી રાખી ગાડીના ચાલકને પકડી પાડેલ અને પકડાયેલ ફોર વ્હીલર ગાડીમાં જોતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ મળી આવેલ.૧. રાહુલભાઈ ગુસાયડાભાઈ ભીલાલા, ૨. રીનેશભાઈ દેવજીભાઈ ડુ.ભીલ પકડવાનો બાકી ઈસમઃ- ગીલદારભાઈ ગુસાયડાભાઈ ભીલાલા રહે. ગોલાગામડી વસાહત તા. સંખેડા જી.છોટાઉદેપુરનો સમાવેશ થાય છે.

## કુરાલમાં ધોરણ 10-12ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાશે

(પ્રતિનિધિ) પાદરા, તા.10

પાદરા તાલુકાના કુરાલ ગામ ખાતે કુરાલ ગ્રામ પ્રગતિ મંડળ સંચાલિત શ્રી પ્રદેશ જ્યોતિ વિદ્યામંદિર દ્વારા ધોરણ-10 (S.S.C) અને ધોરણ-12 (H.S.C) ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ સાથે શાળાના મદદનીશ શિક્ષક વિજયકુમાર ચતુરભાઈ નાયીના વિદાય-સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. વિજયકુમાર નાયી સુદીર્ઘ સમયથી શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક સેવા આપતા રહ્યા છે અને શાળાના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. વયમર્યાદાને કારણે તેઓ આગામી તા. 31 મે, 2026 ના રોજ નિવૃત્ત થઈ રહ્યા હોવાથી આપેલા શ્રેષ્ઠ પ્રદાનને માન આપી આ સન્માન સમારોહ યોજાઈ રહ્યો છે.

## પાદરાની શાળાઓમાં વિદ્યાર્થીઓને AI અને Robotics માહિતી અપાશે

(પ્રતિનિધિ) પાદરા , તા.10

આગામી સમયમાં National Education Policy 2020 માં સૂચવ્યા મુજબ વિદ્યાર્થીઓમાં ટેકનોલોજી પ્રત્યે રસ અને સર્જનાત્મકતા વધારવાના ઉદ્દેશ સાથે AI અને Robotics જેવા આધુનિક સાધનોનું મહત્વ વધી રહ્યું છે. વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાન વિષયમાં વધુ રસ લે તેમજ સ્વપ્રયત્નથી એન્જિનિયરિંગ બાબતોનું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત કરે તે માટે આવા પ્રયોગાત્મક અભ્યાસક્રમને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ભારત સરકાર દ્વારા અમલમાં મુકાયેલી PM SHRI Scheme અંતર્ગત પસંદ કરાયેલ પ્રાથમિક શાળાઓમાં "પ્રોજેક્ટ ઈનોવેશન" હેઠળ વર્ષ 2025-26 માટે AI | Robotics કિટના ઉપયોગથી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવા હેતુસર તા. 9 ફેબ્રુઆરી, 2026 ના રોજ District Institute of Education and Training, Karelibaug, વડોદરા ખાતે PM SHRI શાળાઓના ગણિત-વિજ્ઞાનના શિક્ષકો માટે એક દિવસીય ઝોન કક્ષાની કાર્યશાળા યોજાઈ હતી. તાલીમ પ્રસંગે જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર મહેશ પાંડે દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવતા જણાવાયું હતું કે PM SHRI શાળાઓમાં વિદ્યાર્થીઓને AI અને Robotics નો ખ્યાલ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવે તથા તેની ઉપયોગીતા વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવે તે સમયની જરૂરિયાત છે. આ તાલીમમાં American India Foundation (AIF) તરફથી ગાયત્રીબેન કૌલ પોતાના તજજ્ઞોની ટીમ સાથે હાજર રહ્યા હતા.

## યુવાન હૈયાઓ દ્વારા પ્રેમની મોસમની અનોખી રીતે ઉજવણી

વડોદરાઃ આ વેલેન્ટાઈન ડે પર એમેઝોન બજાર સમગ્ર ભારતના ગ્રાહકો માટે ઓછી કિંમતમાં પ્રેમ વ્યક્ત કરવાનું વધુ સરળ બનાવી રહ્યું છે. 6 ફેબ્રુઆરીથી 14 ફેબ્રુઆરી સુધી ગ્રાહકો INR 99થી શરૂ થતી કિંમતે વિચારપૂર્ણ વેલેન્ટાઈન ડે ગિફ્ટ્સનું વિશાળ કલેક્શન શોધી શકે છે. મિત્ર માટે પ્રશંસાનું પ્રતીક હોય, જીવનસાથી માટે રોમાન્સની અભિવ્યક્તિ હોય કે પરિવારજનો માટે નાનું સરપ્રાઈઝ–એમેઝોન બજાર દરેક માટે પરવડતા અને ગુણવત્તાયુક્ત વિકલ્પો ઉપલબ્ધ કરાવે છે. ફેશન આઈટમ્સથી લઈને રોજિંદા ઉપયોગની એક્સેસરીઝ સુધી, ગ્રાહકોને ખૂબ જ કિફાયતી પસંદગીઓ સાથે વધારાના કેશબૅક અને તમામ ઓર્ડર પર મફત ડિલિવરીનો લાભ મળે છે.

## કાલોલના બોરૂ ગામે રેતી ખનન કરાવતા બે શખ્સોએ માઝા મૂકી

**સરકારી તિજોરીને** નુકશાન કરી પોતાની તિજોરી ભરતા તત્વો ને નાથવાની જરૂર

(પ્રતિનિધિ) કાલોલ , તા.10

કાલોલ તાલુકાના બોરૂ ગામમાં નદી કિનારે રેલવે પુલ પાસેથી માસ મોટા ખાડા પાડી બેફામ રેતી ખનન ચાલી રહ્યુ છે. આ સ્થળે મોટા નેતાઓના નામે સ્થાનીક માફિયા દ્વારા રેતી ખનન કરવામાં આવતુ હતુ ત્યારબાદ હાલમા બોરૂ ગામના બે શખ્સો ટ્રેકટર વાળા પાસે થી રૂપિયા લઈને રેતી ખનન કરવાની છુટ આપી છે. શુ આ બે શખ્સો સરકારી ખનીજ ના માલીક છે કે આ રીતે પૈસા લઈને રેતી ખનન કરવાની છુટ આપી રહ્યા છે? સરકારની સમાંતર પોતાની આવી હકુમત ચલાવનારા આ બન્ને કોણ? તેવો પ્રશ્ન સ્થાનીક લોકો પૂછી રહ્યા છે. નદીમાં મોટા મોટા ખાડા પાડીને દરરોજ સંખ્યાબંધ ટ્રેક્ટરો થી રેતી ભરી જતા કાલોલ, બાકરોલ, બોરૂ ના ટ્રેક્ટર ચાલકો માસીક દશ થી વીસ હજાર જેટલા રૂપિયા લઈને સ્થાનિક તત્વોએ નદીમાં થી રેતી કાઢવાની છૂટ આપી દીધી છે.

હાલમાં રેતી ના ટ્રેક્ટર નો બજાર ભાવ રૂ ૨૨૦૦/ થી ૨૫૦૦/ ચાલે છે અને ટ્રેક્ટર ચાલકો બોરૂ ના આ બે ઈસમોને માસીક હપ્તો આપીને બિનધાસ્ત ટ્રેકટરો ભરી જાય છે ન કોઈ રોકવા વાળા છે ના કોઈ ટોકવા વાળા. સ્થાનિક ગ્રામ પંચાયત તેમજ તલાટી તેમજ મામલતદાર અને ખાણ ખનીજ વિભાગને પડકાર આપી ખુલ્લેઆમ પૈસા લઈને રેતી કઢાવનાર આ બન્ને ઈસમો સ્થાનીક નેતાઓનું પણ નામ બદનામ કરી રહ્યા છે.

## પાદરામાં કાછિયા પટેલ પ્રગતિ મંડળનો 32મો સમૂહ લગ્નોત્સવનુ આયોજન કરાયું

(પ્રતિનિધિ) પાદરા, તા.10

પાદરા ખાતે શ્રી કાછીયા પટેલ પ્રગતિ મંડળ દ્વારા સતત ૩૨માં વર્ષે સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭ નવદંપતિએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પ્રભુતામાં પગલાં પાડી નવા જીવનની શરૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક માહોલ અને સામાજિક એકતાના સંદેશ સાથે ઉજવાયો હતો.

આ સમૂહ લગ્નોત્સવ પાદરા સ્થિત મહાપ્રભુજી હોલ પાદરા ખાતે યોજાયો હતો. કાર્યક્રમનો શુભ પ્રારંભ સંતરામ મંદિર પાદરા ના પરમ પૂજ્ય શ્રી મોહનદાસજી મહારાજ તથા રંગ અવધૂત પરિવારના ઉપેન્દ્રભાઈ ભટ્ટ તેમજ જ્ઞાતિના અગ્રણીઓના હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. સમૂહ લગ્નોત્સવમાં સમાજના અનેક દાતાઓએ ઉદાર હાથે દાન આપી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. નવદંપતિઓને કારિયાવર રૂપે ઘરગથ્થુ ઉપયોગી સામાન સહિત અનેક ભેટો અર્પણ કરવામાં આવી હતી, જેથી તેઓ તેમના વૈવાહિક જીવનની શરૂઆત મજબૂતી સાથે કરી શકે. કાર્યક્રમમાં પાદરા નગરના અગ્રણીઓ, સમાજના વરિષ્ઠો, યુવાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી નવદંપતિઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આયોજન સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થતાં ઉપસ્થિત મહેમાનો દ્વારા મંડળની કામગીરીને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે દિનેશભાઈ ગાંધી પ્રમુખ કાછીયા પટેલ પ્રગતિ મંડળ, સચીનભાઈ ગાંધી પ્રમુખ કાછીયા પટેલ કેળવણી મંડળ, ઉપપ્રમુખ મહેશ કાછીયા, કાંતિલાલ ગાંધી, મંત્રી પરેશભાઈ ગાંધી, ભુપેન્દ્રભાઈ ગાંધી તથા જ્ઞાતિ ના સંજયભાઈ ગાંધી, જયંતીભાઈ કાછીયા સહીત ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમૂહ લગ્નોત્સવ જેવી પરંપરા સમાજમાં ફાજલ ખર્ચ ઘટાડવા, સાદગીપૂર્ણ લગ્ન પ્રોત્સાહિત કરવા અને સામાજિક એકતા મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ બની રહી છે. શ્રી કાછિયા પટેલ પ્રગતિ મંડળ દ્વારા વર્ષોથી કરવામાં આવતું આ સેવા કાર્ય સમાજ માટે પ્રેરણારૂપ સાબિત થઈ રહ્યું છે. ફોટો - પાદરા કાછીયા પટેલ પ્રગતિ મંડળ નું દીપ પ્રગટાવી ૩૨ માં લગ્નોત્સવ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.